# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા:૧૧/૦૫/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ગુજરાતમાં હાડકાં ના દાનનો ત્રીજો બનાવ

## લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ અશોકભાઈ લવજીભાઈ નાવડીયાના પરિવારે કિડની, લીવર અને ચક્ષુઓની સાથે હાડકાંઓનું દાન કરી માનવતા પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: અશોકભાઈ લવજીભાઈ નાવડીયા ઉ. વ.૪૩ બ્લડ ગ્રુપ B+

(એમ્બ્રોઇડરીના સ્પેરપાર્ટસ ના વ્યવસાય સાથે સંકળાયેલા હતા)

રહેવાસી: ૨૦૨, શીતલ એપાર્ટમેન્ટ, અજોરાપાર્ક સોસાયટી, ડાયમંડ નગરની બાજુમાં, માનગઢ ચોક, વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: ઉમરાળા , જી. ભાવનગર.

કૌટુંબિક વિગત: પત્ની: લાભુબેન અશોકભાઈ નાવડીયા ઉ. વ.૪૨

પુત્રી: પૂર્વી અશોકભાઈ નાવડીયા ઉ. વ. ૧૭

ભગવાન મહાવીર કોલેજમાં B.B.Aના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે.

પુત્ર: જેનીશ અશોકભાઈ નાવડીયા ઉ. વ.૧૩

ધોરણ. ૮માં પી. પી. સવાણી સ્કુલમાં અભ્યાસ કરે છે.

<u>બનાવની વિગત:</u>

રવિવાર તા. ૦૮ મે, ૨૦૧૬ના રોજ અશોકભાઈ ને ઝાડા-ઉલ્ટી થતા તેમને સાંજે ૦૮:૩૦ કલાકે આયુષ આઈ. સી. યુ. & મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ન્યુરોફીઝીશ્યન ડૉ. ભરેશ માણકીયાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. ત્યારબાદ MRI રીપોર્ટ કરાવતા નાના મગજની નસમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો તેવું નિદાન કર્યું હતું ( નાના મગજની નસો બ્લોક થઇ ગઈ હતી) ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાને કન્સલ્ટ કરતા તેઓએ આ કેસમાં ઓપરેશન થઇ શકે તેમ નથી તેમ જણાવ્યું હતું.

૨....


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




મંગળવાર તા. ૧૦ મે, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ડૉ. આશિત દેસાઈ, ન્યુરોફીઝીશ્યન ડૉ. સરેશ માંગુકીયા અને ડૉ. પાર્થીવ દેસાઈએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અશોકભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલાએ હોસ્પિટલ પહોંચી અશોકભાઈના ધર્મપત્ની લાડુબેન, ભાઈ હિતેશ, ફુવાજી પરસોત્તમભાઈ, કાકા ડૉ. માધવજીભાઈ અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

અશોકભાઈના ધર્મપત્ની લાડુબેન અને પરિવારના અન્ય સભ્યો જણાવ્યું કે "અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેઓનું શરીર બાળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો."

તદઉપરાંત નીલેશ માંડલેવાલાએ તેઓને હાડકાંના દાન માટે સમજાવતા જણાવ્યું હતું કે, જો તેઓ હાડકાંનું પણ દાન કરશે તો આ હાડકાઓ કેન્સરના દર્દીઓ અને હાડકાંના બીજા અન્ય દર્દીઓને મદદરૂપ થશે. ત્યારે પરિવારજનોએ જણાવ્યું કે આવા દર્દીઓને ક્વોલીટી લાઈફ મળે તે માટે શરીરના જે કોઈ પણ અંગોનું દાન થઇ શકતું હોય તે માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની અને હાડકાંના દાન ની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું. જયારે હાડકાંના દાન લેવા માટે આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરીને જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જાંઘના હાડકાંઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલનાડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમે સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની પાટણના રહેવાસી કમલ મુલચંદ ઠેસારા ઉ.વ. ૨૯માં અને બીજી કિડની સુરતના રહેવાસી રાજેશ કાનાણી,ઉ.વ. ૪૭ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર અમદાવાદના રહેવાસી અનીશ પંડ્યા ઉ. વ. ૫૩માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બંને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ.જમાલ રીઝવી,ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં અશોકભાઈના ધર્મપત્ની લાડુબેન, પુત્રી પૂર્વી, પુત્ર જૈનીશ, ભાઈ હિતેશ, ફુવાજી પરસોત્તમભાઈ, કાકા ડૉ. માધવજીભાઈ, સમગ્ર નાવડીયા પરિવારના સભ્યો, ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા અને ડૉ. આશીત દેસાઈ, ન્યુરોફીઝીશ્યન ડૉ. સરેશ માંગુકીયા અને ડૉ. પાર્થીવ દેસાઈ, ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલ, આયુષ આઈ. સી. યુ. મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના સંચાલકો અને ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ અને સુનીલ જીવાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાત માંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૫૨ કિડની, ૫૨ લીવર, ૩ પેન્ક્રીઆસ,૪ હૃદય અને ૧૨૮ ચક્ષુઓનો દાન મેળવીને ૩૩૯ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

છેલ્લા પાંચ દિવસમાં ત્રીજી વખત હાડકાંઓનું દાન આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ડૉ. રાજીવ રાજ ચૌધરી અને તેમની ટીમ દ્વારા લેવામાં આવ્યું હતું જેમાં જાંઘના હાડકાઓનું દાન લેવામાં આવ્યું હતું.

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E 7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



આ હાડકાંઓ લીધા બાદ તેને સાફ કરીને -૪૦ડીગ્રી ઉપર સ્ટોર કરી તેને મુંબઇમાં આવેલ ટાટા મેમોરીયલ હોસ્પીટલમાં પ્રોસેસ કરવા માટે મોકલવામાં આવે છે. ત્યાં ગામારેયસથી તેને પ્રોસેસ કરી સ્ટરાયલ કરવામાં આવે છે. પ્રોસેસ કરેલા હાડકાંઓને ફરી આશુતોષ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં મંગાવવામાં આવશે. દાન માં મેળવવામાં આવેલા હાડકાંઓનો મલ્ટીપર્પસ ઉપયોગ થાય છે મોટા ફ્રેકચરના કેસમાં આ હાડકાં ખુબ ઉપયોગી સાબિત નીવડે છે. આ હાડકાંઓની જરૂરિયાત કેન્સરના દર્દીઓ અને હાડકાના અન્ય બીજા દર્દીઓ માટે, ભારતમાં કોઈપણ હોસ્પિટલને જરૂર હોય ત્યાં મોકલવામાં આવે છે. આ હાડકાંઓને વધુમાં વધુ ૪ વર્ષ સુધી વાપરી શકાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં શરીર ખરાબ થતું નથી.

---

## છેલ્લા પાંચ દિવસમાં ત્રણ બ્રેનડેડ વ્યક્તિઓના કિડની, લીવર, ચક્ષુ અને હાડકાઓના દાન મળ્યા

## સુરતમાં કેડેવર ઓર્ગન ડોનેશન અને હાડકાં ના દાન અંગે વધી રહેલી જનજાગૃતિ

સુરત, ગુજરાતમાં કેડેવર ઓર્ગન ડોનેશન માં અગ્રેસર છે. ડોનેટ લાઇફ દ્વારા સમાજમાં કેડેવર ઓર્ગન ડોનેશન અંગે જનજાગૃતિ આવે અને તેના દ્વારા બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો દ્વારા ઓર્ગન ડોનેશન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને ક્વોલીટી લાઇફ મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ભારતમાં દર વર્ષે અંદાજીત બે લાખ કિડનીના દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટ ની જરૂરીયાત હોય છે. તેની સામે અંદાજીત ત્રણ હજાર કિડનીના ટ્રાન્સપ્લાન્ટ થાય છે. તેવી જ રીતે અંદાજીત એક લાખ લીવરના દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત હોય છે. તેની સામે અંદાજીત પાંચસો લીવરના ટ્રાન્સપ્લાન્ટ થાય છે. તેમજ અંદાજીત પચાસ હજાર હાર્ટ ના દર્દીઓને ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત હોય છે. તેની સામે અંદાજીત પચાસ હાર્ટ ના ટ્રાન્સપ્લાન્ટ થાય છે.

કેડેવર ઓર્ગન ડોનેશન વિષે પ્રચાર અને પ્રસાર કરીને જનજાગૃતિ લાવવામાં આવે તો આવા ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવું જીવન મળી શકે.

ડોનેટ લાઇફ દ્વારા છેલ્લા પાંચ દિવસમાં ત્રણ બ્રેનડેડ વ્યક્તિના પરિવારજનો સાથે સમજણ કેળવી ને ૬ કિડની, ૩ લીવર અને ૪ ચક્ષુઓનો દાન મેળવીને ૧૨ વ્યક્તિઓને નવુ જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

તેવીજ રીતે ત્રણ બ્રેનડેડ વ્યક્તિઓના પાંસળી, જાંઘના હાડકાઓ અને પુંઠણની નીચેના હાડકાંઓનું દાન ગુજરાતમાં સૌ પ્રથમ વખત મેળવવામાં આવ્યું હતું. તેના દ્વારા હાડકાના કેન્સરના દર્દીઓ અને હાડકાંના બીજા અન્ય રોગના દર્દીઓને મદદરૂપ થશે. અને આવા દર્દીઓને ક્વોલીટી લાઈફ મળશે.

ભારતમાં હાડકાના દાન અંગે જનજાગૃતિ નથી. ત્યારે મૃત્યુ પછી વધુમાં વધુ વ્યક્તિઓના પરિવારો હાડકાના દાન કરવા પણ પ્રેરાય તે માટે ડોનેટ લાઇફ દ્વારા સતત જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

નોંધનીય છે કે ડોનેટ લાઇફ દ્વારા બ્રેનડેડ વ્યક્તિના પરિવારજનો સાથે સમજણ કેળવી ને છેલ્લા પાંચ મહિનામાં પશ્ચિમ ભારતમાં સૌ પ્રથમ વખત ચાર હાર્ટ ના ડોનેશન પણ કરાવવામાં આવ્યા છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
| --- | --- | --- | --- |
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961